ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બામણીનું ખેતર સમજી ચીના ચરી જાય છે!*
*ને બાપાનો બગીચો સમજી ચીના ફરી જાય છે!*
*સરી જાય છે ધરા વીર શહીદોએ સાચવેલી -*
*સ્વાર્થી નેતાઓ દેશ વેંચી ઘર ભરી જાય છે!*

હાઈકુ

*સીમાઓ રેઢી!*
*મોદી ઉડતા ફરે!*
*સૈનિકો મરે!!*
*(ઘૂષણખોરી)*

*મળે એટલો,*
*ભરો માલ મલી દો -*
*'જમીન'માંથી...*
*('પ્રધાન' - પ્રવૃત્તિ)*

### ચિંતન

**પરોક્ષે કાર્યહન્તારં પ્રત્યક્ષે પ્રિયવાદિનમ્ ।**
**વર્જયેત્તાદૃશં મિત્રં વિષકુમ્ભં પયોમુખમ્ ॥**

આપણી ગેરહાજરીમાં કામનો નાશ કરનારા અને આપણી હાજરીમાં મધુર બોલનારા મિત્રનો ઉપર દૂધથી ભરેલા કાંઠાવાળા અને અંદરથી ઝેર ભરેલા કુંભની જેમ ત્યાગ કરવો જોઈએ.

આજના જમાનામાં પરિવારના - કુટુંબીજનો કે મિત્રો-સંબંધીઓ - સ્નેહીઓ સહકર્મચારીઓમાં એક દોષ ખાસ દેખાય છે જે હાજર હોય એના ઉપર-ઉપરથી વખાણ કરવા (સ્વભાવ-વર્તનના) અને ગેરહાજર હોય એની કૂથલી-નિંદા કરવી - આ એક ખૂબ જ ખરાબ ટેવ-સ્વભાવ છે.

આવા લોકોને ઓળખી નજીક જ ન આવવા દેવા કે આવે તો સ્પષ્ટ રીતે અને પરનિંદા કરતાં તો અટકાવી દેવા જોઈએ. આવા માણસો હૃદયથી ઝેરીલા-દંભી હોય છે તેમનો તો ત્યાગ જ કરવો જોઈએ.

### સુવિચાર

- મારે નસીબદાર નથી થવું, મારે પરફેક્ટ બનવું છે, કારણ કે પરફેક્ટ હોઈશ તો જયારે નસીબ સાથ આપશે ત્યારે એ તક ઝડપી લેવા તૈયાર હોઈશ - **અર્નેસ્ટ હેમીંગ્વે**
- આપણે ઈશ્વરને હસાવવો હોય તો આપણે આપણી ભવિષ્યની યોજનાઓ ઈશ્વરને જણાવી દેવાની - **જયંત પાઠક**
- તું તોફાનોમાં ભરોસો રાખજે અલ્લાહ પર,
  એણે સાગર એક પણ સર્જ્યો નથી સાહિલ વિના - **બેફામ**
- મારી પાસે એક દીવો છે, જે મને રાહ દેખાડે છે અને તે દીવો છે, 'મારો અનુભવ' - **પેટ્રીટ હેજા**
- અહંકાર મેં તીન ગયે, ધન, વૈભવ, વંશ, ન માનો તો દેખલો, રાવણ, કૌરવ, કંસ - **વાત્સલ્યસૂરીજી**
- કીર્તિ કદી શબ્દોનું શરણું લેતી નથી - **શેખ સાદી**
- આજનું ઔષધ : ખંજવાળ આવતી હોય તે સ્થાને કોપરેલમાં થોડું કપૂર મેળવીને લેપ કરવાથી તરત રાહત થાય છે **(દીપક વી. આસરા)**

### બોધકથા

આજે વરસાદ અનિયમિત થયો છે ઋતુઓમાં એક ખલેલ-ઊભી થઈ છે. એનો દોષ આપણે જ છીએ - વૃક્ષો કાપી, સિમેન્ટના જંગલ ઊભાં કર્યાં પરિણામે ક્યાંક કુદરતી પ્રકોપ-ક્યાંક દુષ્કાળનો અનુભવ થાય છે.

બિહારના એક ગામડાંનાં એક ખેડૂતન આ વાતની સમજ પડી લોકોને સમજાવવા પ્રયત્ન કર્યો પણ કોઈ તેને અમલ કરવા સહકાર આપતા ન હતા.

એ ખેડૂતનું નામ હજારી હતું. એ ખેડૂત તેના એક-બે મિત્રો સાથે ખેતર જતી કેડી-ચીલા આસપાસ આંબાના વૃક્ષ વાવવા લાગ્યા. ત્રણ-ચાર વર્ષમાં તો એ રસ્તો લીલોછમ્મ અને શોભાયમાન થયો. પછી તો બધા ખેડૂતોએ એનું અનુકરણ કરી પોતાના ખેતરના માર્ગે 'આંબા'ના વૃક્ષો વાવવા લાગ્યા. દસ વર્ષમાં એ વિસ્તારમાં આંબાનું વન થઈ ગયું.

આજે પણ એ ગામ ૮૭,૦૦૦ થી વધારે આંબાના વૃક્ષો છે અને એ વન-સ્થાનનું નામ પણ હજારી ખેડૂ પર 'હજારી બાગ' પ્રચલિત થયું છે.હકારાત્મક વિચાર અને આત્મવિશ્વાસથી સફળતા મળે જ છે.

# ઉર્જિત પટેલ - નવી આશાઓનું સરનામું

રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના ગવર્નર પદે ઉર્જિત પટેલની નિમણૂંક થતા દેશના ઉદ્યોગજગતમાં નવી આશાઓ જન્મી છે. મૂળ ગુજરાતના જાણીતા અર્થશાસ્ત્રી ઉર્જિત પટેલ હાલમાં રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર તરીકે સેવાઓ આપી રહ્યા છે. ઉર્જિત પટેલ ફુગાવો અને વ્યાજદરના લક્ષ્યાંકો હાંસલ કરવામાં નિષ્ણાત છે. વૈશ્વિક મંદીના સમયમાં ઉર્જિત પટેલ આઈ.એમ.એફ.માં ભારત અને અમેરિકાનું ડેસ્ક સંભાળતા હતા. ભારત સરકારના અનેક વિભાગોમાં નાણાંકીય સલાહકાર તરીકે તેમના સૂચનો સ્વીકારાયા છે. દેશના સૌથી મોટા ઔદ્યોગિક જૂથ રિલાયન્સ ગૃપમાં બિઝનેશ ડેવલોપમેન્ટ પ્રેસિડેન્ટ તરીકે પણ ઉર્જિત પટેલની સેવાઓ નોંધપાત્ર રહી છે.

રઘુરામ રાજન ત્રણ વર્ષ સુધી આરબીઆઈના ગર્વનર તરીકે સેવાઓથી ચોથીએ નિવૃત્ત થઈ રહ્યા છે. અમેરિકાની પ્રસિદ્ધ શિકાગો યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વરિષ્ઠ અધ્યાપક તરીકે સેવાઓ આપી ચૂકેલ રાજન છેલ્લા કેટલાક વખતથી વિવાદોમાં સપડાતા હતા. સત્તાધારી પક્ષના વરિષ્ઠ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ રાજન પર ખૂબ જ વ્યાપક પ્રમાણમાં હોબાળો મચાવ્યો હતો. ત્યારથી રઘુરામ રાજનની વિદાય નિશ્ચિત લાગતી હતી. રઘુરામ રાજનની કામગીરી વખતોવખત બિરદાવાયી છે. યુપીએ સરકારે નિમણૂંક સામે ભાજપનું એક જૂથ ફુગાવો અને મોંઘવારીના મામલે પ્રશ્નોનો મારો ચલાવી રહ્યું હતું. ટીકાઓનો સામનો કરી રહેલ રાજને ગયા મહિને નિવૃત્ત થવાનો અણસાર મીડિયા જગતને આપ્યો હતો. જેનાથી આગામી દિવસોમાં આરબીઆઈને નવા ગવર્નર મળશે એ નિશ્ચિત બન્યું હતું. ચારેક નામ ચર્ચામાં ચાલતા હતા. એસબીઆઈના ચેરપર્સન અરુંધતી ભટ્ટાચાર્ય, નીતિ આયોગના ચેરમેન અરવિંદ પાનગરીયા અને આરબીઆઈના વધુ એક ડેપ્યુટી ગવર્નર સુબીર ગોકર્ણ અને ઉર્જિત પટેલ મોખરે હતા. શનિવારની મોડી સાંજે નાણાં મંત્રાલયે ઉર્જિત પટેલની જાહેરાત કરતા આતુરતાનો અંત આવ્યો હતો.

રિઝર્વ બેંકના નવા ગવર્નર પાસે દેશ મોટી અપેક્ષાઓ રાખે છે. નવા ગવર્નર વ્યાજદરમાં ૦.૨૫ ટકા ઘટાડો કરે એવી ઉદ્યોગ જગતની આશા અગ્રસ્થાને છે. મોંઘવારીનો દર ૯ ટકાને પણ પાર કરી ગયો છે. જેને હવે ચાર ટકા સુધી લાવવાનું લક્ષ્યાંક રખાયું છે. બેંકીગ ક્ષેત્રમાં એનપીએ ઘટાડવા માટે કડક પગલાની શક્યતાઓ વર્ણાય છે. ૧૯૯૮થી ૨૦૦૧ દરમિયાન એનડીએ સરકારમાં નાણાં મંત્રાલયના કન્સલ્ટન્ટ રહી ચૂકેલા ઉર્જિત પટેલ આર્થિક જગતમાં નવી આશાઓ અને અપેક્ષાઓ જગાવી રહ્યા છે. બેંકિંગ ક્ષેત્રના નિષ્ણાત અર્થશાસ્ત્રી વિદેશી મૂડીરોકાણ દેશમાં લાવી મોંઘવારીને નાથવામાં ઉપયોગી અને કડક નીતિના અમલ માટે ઉર્જિત પટેલને છુટો દોર

**તંત્રીસ્થાનેથી...**

અપાશે એમ મનાય છે. ઉર્જીત પટેલ ગુજરાતના વતની અને વિદેશની અનેક નામાંકિત યુનિર્વસિટીઓમાં અર્થશાસ્ત્રના વિવિધ પાસાઓનો અભ્યાસ કરીને બેકીંગ નિષ્ણાત તરીકે જાણીતા બન્યા છે ત્યારે દેશનો આમ આદમી ઉર્જિત પટેલ પાસે મોંઘવારી ઘટાડાની અપેક્ષા રાખે છે.

# એફોર્ટબલ હાઉસીંગ યોજના અન્વયે સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશન ફી માં ઘટાડો થશે

મધ્યમ અને ગરીબ વર્ગનું ઘરના ઘરનું સપનું પુરૂ કરવા માટે રાજય સરકારે એફોર્ટબલ હાઉસીંગ યોજના અમલમાં મુકેલ છે. આ યોજનાને સફળ બનાવવા માટે સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશન ફી માં ઘટાડો કરવા ભારત સરકારના શહેરી વિકાસ, મહેસુલ અને નાણા મંત્રાલયે મુખ્ય સચિવને પત્ર લખી જણાવેલ છે તે લગત નાના અને સસ્તા ઘરના રજીસ્ટ્રેશન કરવા માટે સ્ટેમ્પ ડયુટીના દરમાં ઘટાડો કરવા એટલે જરૂર જણાય ત્યાં સંપૂર્ણ માફી અંગેની દરખાસ્ત કરવામાં આવી છે. જે લગત ભારત સરકારના શહેરી વિકાસ, મહેસુલ અને નાણા મંત્રાલયો તરફથી રાજયોના મુખ્ય સચિવોને આ દિશામાં ઝડપી નિર્ણય લઈ અમલ કરવા માટે વિનંતી કરવામાં આવેલ છે.

રાજય સરકારને ૨૦૧૬ ચાલુ નાણાકિય વર્ષમાં સ્ટેમ્પ ડયુટીની રૂા. ૬૫૯૦ કરોડની માતબર આવક થયેલ છે તેથી સ્ટેમ્પ ડયુટી ઘટાડો કરવામાં આવે તો રાજય સરકારની આવકમાં પણ ઘટાડો નોંધાશે.સરકાર તરફથી અમલમાં મુકાતા વિલંબ થયેલ છે પરંતુ રાજયનો ટોલ ટેક્ષ જે રીતે માફ કરવામાં આવ્યો છે તે જ રીતે આ નિર્ણય રાજય સરકાર ઝડપથી લેશે તેમાં બે મત નથી ચૂંટણી નજીક આવતા મધ્યમ વર્ગ તથા ગરીબ વર્ગને આકર્ષવા માટે રાજય સરકાર સ્ટેમ્પ ડયુટી ઘટાડા અંગે મહત્વનો પરિપત્ર જારી કરશે.

ભારત સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામને ઘરના ઘરનું સપન સાકાર કરવાની દિશામાં મહત્વનું પગલું ભરેલ છે. રાજય સરકાર તરફથી મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ માટે આવાસ યોજના અમલમાં મુકવામાં આવી છે પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગ આ મકાનનું રજીસ્ટ્રેશન પોતાના નામે કરી શકે તેટલા નાણા સ્ટેમ્પ ડયુટીમાં ખરચી શકે તેવી સ્થિતીમાં નથી હોતા. આ માટે મકાન ફાળવણી વખતે ભરાતા ફોર્મમાં ગીરો નોંધણી અંતર્ગત આ ફોર્મમાં પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે. ગુજરાત સરકારની કુલ આવકનો મહત્વનો હિસ્સો સ્ટેમ્પ ડયુટી નોંધણીમાંથી મળે છે અંદાજે ૬૫૦૦ કરોડની વાર્ષિક આવકવાળા વિભાગ પાસેથી નોંધણી ફી ઘટાડવામાં આવે તો રાજય સરકારની તીજોરી ઉપર ચોક્કસ અસર થાય તેમ છે. ટોલ ટેક્ષ યાદી તથા ૭મા પગાર પંચની અમલવારી બાદ જો સ્ટેમ્પ ડયુટીની આવકમાં ઘટાડો નોંધાય તો મહત્વની યોજનાઓ ના બજેટમાં પણ કાપ મુકાય તે શકયતા નકારી શકાતી નથી.

કેન્દ્ર સરકારે ડીજીટલ ઈન્ડીયા બ્રાન્ડ રેકોર્ડ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ (ડીઆઈસીઆરએમપી) અંતર્ગત રાજયોને આર્થિક સહાય આપવાની શરૂઆત કરેલ છે. ફેબ્રુઆરી ૨૦૧૭ માં ગુજરાત સરકારનું વર્ષ ૨૦૧૮ નું વાર્ષિક બજેટ રજુ કરવાનું થાય તે પહેલા આની બજેટમાં જોગવાઈ કરવી આવશ્યક છે કારણ કે તો જ ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીમાં રાજય સરકાર મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને આકર્ષવામાં સફળ થાય. મોંઘવારીનો પ્રશ્ન માઝા મુકેલ હોય તેમાંથી ધ્યાન હટાવવા આવી રાહતો આપવી આવશ્યક છે.

ભારત સરકારે કરેલ ભલામણમાં ગરીબ અને મધ્યમ વર્ગના આવાસ નિવાસની નોંધણી ફી માં ઘટાડો કરી એક ટકા સુધીની કરવાની ભલામણ કરેલ છે હાલમાં આ ફી ૫.૯ જેટલી થવા જાય છે. સ્ત્રીઓને આમાં એક ટકાની માફી આપવામાં આવેલ છે. જે સંપૂર્ણ હટાવવાની ભલામણ છે. ગીરો નોંધણી ફી માં પણ માફી અગરતો ઘટાડાની ભલામણ કરવામાં આવેલ છે જેથી મધ્યમ વર્ગ તથા ગરીબ વર્ગને હાઉસીંગ મોર્ગેજ માટે લોન મેળવવી સરળ બનશે તે લગત મોર્ગેજ ડયુટી ભરવામાંથી પણ મુક્તી મળશે.



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

૨૦૧૨-૧૩ માં સ્ટેમ્પ ડયુટીની આવક ૪૪૨૭ કરોડ હતી જે ૨૦૧૩-૧૪ માં ૪૭૪૯ કરોડ તથા ૨૦૧૪-૧૫ માં ૫૫૦૩ કરોડ તથા ૨૦૧૫-૧૬ માં ૫૯૫૯ કરોડ જેટલી નોંધાયેલ છે. જે ૨૦૧૬-૧૭ માં ૬૫૦૦ કરોડને આંબવાની શકયતા છે.

રાજય સરકાર જો કેન્દ્ર સરકારની વિનંતીને પગલે સ્ટેમ્પ ડયુટીમાં ઘટાડો કરે તો જમીનની ખરીદીમાં પણ તેજી આવે અને બેનામી ટ્રાન્જેકશનોની સંખ્યામાં ઘટાડો થઈ રજીસ્ટ્રેશન દસ્તાવેજમાં વધારો થાય તો સરવાળે ખોટની ભરપાઈ થઈ શકે અને ગરીબ તથા મધ્યમ વર્ગને સ્ટેમ્પ ડયુટી તથા મોર્ગેજ લોનની રજીસ્ટ્રેશન ફી માંથી મોટી રાહત મળતા હપ્તાથી ઘર ખરીદવાનું સ્વપ્ર પુરૂં થઈ શકે તો જ સરકાર ૨૦૨૨ સુધી તમામને ઘરના ઘરની યોજના સાકાર કરી શકે તથા ઝુંપડપટ્ટીના સ્થાને નવા રીડેવલોપમેન્ટ હાઉસીંગ યોજના અંતર્ગત ગરીબ વર્ગને ઝુંપડાની જગ્યાએ પાકા સુવિધાયુકત મકાનો આપી શકાય તથા સફાઈ અભિયાન તથા સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારતનું માન. પ્રધાનમંત્રીશ્રીનું સ્વપ્ર પૂરૂં કરી શકાય તેમ છે. ખુલ્લામાં શૈચાલયનો પ્રશ્ન પણ આ કારણે ઉકેલી શકાય તેમ છે.

હવે જોવાનું એ રહે છે કે ટોલ ટેક્ષ માફી તથા ૭મા પગાર પંચના અમલથી આર્થિક બોજો સહન કરતી રાજય સરકાર કેન્દ્ર સરકારના સ્ટેમ્પ ડયુટી માફી અગરતો ઘટાડો કરવાની ભલામણનો શુભારંભ ક્યારે કરે છે અને ગરીબ અને મધ્યમ વર્ગનું ઘરના ઘરનું સ્વપ્ર કયારે પુરૂ કરાવે છે તે જોવાનું રહ્યું.

# ધ્વનિ પ્રદૂષણને નિયંત્રિત કરી શકીએ તો ઘોંઘાટથી આપણે જલ્દી મુક્તિ મેળવી શકીશું




હું ચોર હોઉં
તો
બુદ્ધનાં નયનમાંથી ચૂપકીથી
શાંતિ ચારીને
ભાગી જાઉં :

આજે આપણી પાસે હાઈ-ટેક સાધનો, આધુનિક સુખ-સગવડની તમામ વસ્તુઓ, સ્માર્ટ ફોન આ બધું જ છે અને છતાં કંઈક ખૂટતું હોય તેવું લાગ્યા કરે છે અને તે છે 'શાંતિ'! હમણાં તહેવારો અને તહેવારોને કારણે રજાઓનો માહોલ જામ્યો છે ત્યારે દરેકને પોત-પોતાની રીતે કોલાહલ અને પ્રદૂષણ વાળા સ્થળોને છોડીને શાંત અને કુદરતી સૌંદર્યવાળા સ્થળે ભાગી છૂટવાની ઈચ્છા હોય છે. ગ્રામ્ય સંસ્કૃતિ અને ભાતીગળ સમૃદ્ધિ આજે પણ માણસને પોતાની તરફ આકર્ષે છે. કવિશ્રી રાજેન્દ્ર શાહ માટે જ કહે છે કે,

''કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ,
હાલ્યને આંબાવાડિયે, હજી પોરની તાજી યાદ;
પાંદડુંય નહિ પેખીઓ એવો
ઝૂલતો એનો મોર,
કોઈને મોટા મરવા અને
કોઈને છે અંકોર.
ડોલતી ડાળે ઘૂમીએ આપણ ગજવી ઘેરો નાદ,
કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ.
ઘરનું નાનું આંગણું,
ગમે મોકળું મોટું વન;
કોઈનેય રંજાડ નહિ ને
ખેલવા મળે દન.
હાલીએ ભેરુ, કાયર જે કોઈ હોય તે રહે બાદ,
કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ.''

આજના આ સમયમાં ઘોંઘાટ અને અવાજનું પ્રદૂષણ આપણે કલ્પના પણ ન કરી શકીએ તેટલી હદે વકર્યું છે અને તેની અસર પર્યાવરણ પર તો થઈ છે પરંતુ, લોકોની શ્રવણશક્તિ પણ તેનાથી ક્ષતિગ્રસ્ત થાય છે. આ બાબત અંત્યત ચિંતાનો વિષય બની રહી છે. ત્યારે જેમ આ વર્ષે વૃક્ષો વાવવા અંગે જાગૃતિ લાવનાર પ્રયાસ RJ ધ્વનિત દ્વારા કરવામાં આવ્યો તે જ રીતે ભાવનગર શહેરના પીયુષ મેડિકલ ગાઈડન્સ ફાઉન્ડેશન સંસ્થાના ડૉ. તેજસ દોશી અને ટીમ મેમ્બર્સ તથા સહયોગી સંસ્થાઓ જેવી કે માઈક્રોસાઈન ઈન્ડ., ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ અને ભાવનગર જુનિયર રેડક્રોસના સહયોગથી સોશ્યલ મીડિયા પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયાનો ઉપયોગ કરીને 'નો હોર્ન પ્લીઝ' ઝુંબેશ ઉપાડી છે. આપણે બધાએ પૂરપાર ઝડપે બાઈક કે કાર ચલાવતા નવયુવાનોને ખાલી પડેલી સડકો પર પર જોર-જોરથી હોર્ન વગાડતા સાંભળ્યા છે. ઘણીવાર સ્ટાઈલ મારવાની ઘેલછામાં તો કયારેક એમ જ મસ્તીમાં હોર્ન મારવાની આ પ્રથા પર્યાવરણની, આજુબાજુ વસતા રહેવાસીઓની તેમ જ પશુ-પંખીઓની શાંતિમાં ખલેલ પહોંચાડે છે. બિમાર વ્યક્તિ હોય કે ઉંમરલાયક વડીલ હોય આ પ્રકારના ધ્વનિ પ્રદૂષણથી તેમને ખૂબ તકલીફ થતી હોય છે. નાના બાળકો પર આ પ્રકારના અવાજોથી ભયજનક અસર થતી હોય છે. ઘણીવાર ટ્રાફિક સિગ્નલ પર ઊભી રહેલી લાઈનબંધ ગાડીઓ વચ્ચે પણ આપણે એવા લોકો જોયા છે કે જેઓ સતત હોર્ન વગાડ્યા કરતા હોય છે. આગળ ઊભેલા તમામને તેમજ પર્યાવરણને આ પ્રકારના વર્તનની ખૂબ નુકશાન થતું હોય છે. આ બાબત અંગે જાગૃતિ લાવવાની હવે નાની જરૂરિયાત જણાઈ રહી છે ત્યારે લોકો સ્વૈચ્છિક રીતે જ આ પ્રકારની ઝુંબેશમાં જોડાઈ ધ્વનિ પ્રદૂષણને નિયંત્રિત કરી શકીએ તો ઘોંઘાટથી આપણે જલ્દીથી મુક્તિ મેળવી શકીશું.



WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

આ પ્રોજેક્ટ 'નો હોર્ન પ્લીઝ' અંતર્ગત ૪૦ જેટલી શાળાના સ્કાઉટ અને ગાઈડના વિદ્યાર્થીઓની મદદથી દર ગુરુવારે સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી શહેરમાં સૌથી વધુ ટ્રાફિક ધરાવનાર વિસ્તારમાં જઈને લોકોને જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. ધ્વનિપ્રદૂષણથી થતાં નુકશાનની માહિતગાર કરતા બેનર્સ સાથે બાળકો ત્યાં હાજર રહે છે અને બિનજરુરી હોર્ન વગાડતા લોકોના હાથમાં કાગળનો એક ડૂચો પકડાવી દે છે. કોઈ પણ માણસને જો સીધેસીધું પેમ્પલેટ આપવામાં આવે તો વાંચ્યા વિના જ તે ફેંકી દે તેમ પણ બને પણ માણસની જિજ્ઞાસાવૃત્તિને કારણે ડૂચો વાળેલા કાગળને ખોલીને વાંચવાની ઈચ્છાને તે નકારી શકતો નથી અને પરિણામે, આ પ્રકારના નવતર પ્રયાસને ભારે પ્રતિસાદ સાંપડી રહ્યો છે. બાળકોને પણ આ મિશનમાં સામેલ કરાયા હોવાને કારણે ઉત્સાહપૂર્વક અને જોશપૂર્વક અન્ય લોકો તેમાં સામેલ થાય છે અને મિશનને સપોર્ટ કરે છે. ધીરે-ધીરે કરતાં ૨૫૦૦ થી વધુ બાળકો અને ૫૦ થી વધુ શાળાઓ આ ઉમદા હેતુના ભાગીદાર થવા સંમત થયા છે. જો આ પ્રકારની જાગૃતિ ગુજરાતના દરેક શહેરોમાં અને ત્યારબાદ ભારત દેશના તમામ રાજયોમાં આવશે તો ચોક્કસપણે આપણે આ ધ્વનિ પ્રદૂષણના રાક્ષસને જડમૂળથી નાબૂદ કરી શકીશું અને ફરી એકવાર કોયલનો ટહુકો તેમજ ભમરાનો ગુંજારવ માણી શકીશું! કવિશ્રી મકરંદ દવે લખે છે,

'મુંબઈ નગરીમાં કોઈ આંબો મ્હોરે તો
એની મંજરીને રામ રામ કે'જો!
એના મીઠાં ઓવારણાં લેજો.
ભમરાનો ઘેરો ગુંજાર નથી ઘેરાતો તે
કોયલની કૂક નથી ઘેલી,
ભૂંગળાંનાં ઘોંઘાંમાં હરખાનો જાય અહીં
ભોંયતેલ વેચતો તેલી;
ઝેરી ધુમાડામાં મંજરીના મુખ પર
ઝરણું બનીને કોઈ વ્હેજો!'

પર્યાવરણની ચિંતા કરીને તે માટે પ્રયત્નની એક પહેલ કરનાર RJ ધ્વનિત તેમજ તેની ટોમ તથા ડૉ. તેજસ દોશી અને પીયુષ મેડિકલ ગાઈડન્સ ફાઉન્ડેશનની ટીમના તમામે તમામ સભ્યોને, બાળમિત્રો અને આ પ્રકારના પ્રોજેક્ટમાં સક્રિય સહભાગી બનનાર દરેકે દરેક નાગરિકને સો સો સલામ!

- nehalgadhavi101@gmail.com

# યુવાત્રિપુટીએ બદલેલું ગુજરાતનું રાજકીય ચિત્ર

બે વર્ષ પહેલાં જે ત્રણ યુવા આગેવાનોનાં નામ પણ ગુજરાતની પ્રજાએ સાંભળ્યા નહીં હોય, એ ત્રણેય યુવાનો આજે રાજ્યની વિવિધ વર્ગી પ્રજાના દિલ પર રાજ કરી રહ્યા હોય એવો ચમત્કાર સર્જાયો છે. ત્રણેય રાજકીય મંચ પર ઉપસ્યા નથી. હજુ રાજકીય મંચની થોડીક આભડછેટ રાખીને સામાજિક આગેવાન તરીકેની ઓળખને ટકાવવાના આગ્રહી છે. ત્રણેયના સમાજ અને વૉટબૅંક નોખી છે. છતાં ત્રણેયની પાછળ બે મુખ્ય રાજકીય પક્ષના આગેવાનો એવા તે દોટ મૂકી રહ્યા છે કે તેમને પોતાના કરી શકે તો વિધાનસભાની આવતા વર્ષની એટલે કે વર્ષ ૨૦૧૭ની ચૂંટણીની વૈતરણી તરવાનું નિમિત્ત આ ત્રણમાંથી કોઈનો પણ સાથ બની શકે છે. ત્રણેય હજુ ચૂંટણીના ગણિતથી આઘેરા રહેવાનું દર્શાવે છે, પણ પરિવર્તન આવી રહ્યાનું એ જરૂર સ્વીકારે છે. ત્રણેયના રાજકીય પક્ષ સાથે છેડા અડકે છે જરૂર, પણ આજના સંજોગોમાં એ ત્રણેય સામાજિક આગેવાન અને સામાજિક પરિવર્તનના આહલેક સાથે આગળ વધવાનું પસંદ કરીને રાજકીય જોડાણોનાં સંભવિત ગણિત ઉઘાડાં કરવાનું પસંદ કરતા નથી.



ત્રણેય યુવાનોએ છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન પ્રસ્થાપિત રાજકીય નેતાગીરીને પોતાની પાછળ દોડતી કરવા જેવો માહોલ સર્જ્યો છે. રીતસર જનાક્રોશનો માહોલ પેદા કરીને સત્તાપક્ષ ભારતીય જનતા પક્ષ અને વિપક્ષ કૉંગ્રેસની ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં સત્તાપ્રાપ્તિના સ્વપ્રને ચકનાચૂર કરવા જેટલી શક્તિ સમાજમાંથી મેળવી છે. અત્યાર લગી આ ત્રિપુટીનાં ગણિત નવનિર્માણ આંદોલનના મનીષી જાની સિવાયના બાકીના વેચાઈ ગયેલા મનાતા નેતાઓની શ્રેણીમાં મૂકાઈ નથી. ત્રણેય જણના વ્યૂહ સંભાળીને ડગ ભરવાના છે. જોકે ગુજરાતની પ્રજા સાથે દ્રોહના નવનિર્માણિયા અનુભવના બોધપાઠ લઈને તેઓ આગળ વધતા લાગે છે. પિતાનાં કે સાથીઓનાં રાજકીય ગોત્ર આડાં આવીને સામાજિક ચળવળને અભડાવવાની સ્થિતિમાં નથી.

ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે, પણ આ યુવાત્રિપુટીએ જ વિશ્વનાયક બનવાને મારગ લોકપ્રિય ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર દામોદરદાસ મોદીની વિશ્વમાં સૌથી વધુ સભ્યસંખ્યા ધરાવતી ભારતીય જનતા પાર્ટીના ગુજરાત મૉડેલને બોદું સાબિત કરીને ગુજરાતની ગાદીએથી મોદીનિષ્ઠ આનંદીબહેન પટેલને ઊઠાડી મૂકવાનું નિમિત્ત પૂરું પાડ્યું છે. સાથે જ મોદીના 'હનુમાન' અમિત શાહને પરસેવો લાવી દીધો છે. એપ્રિલ ૨૦૧૭ સુધી સર્વમિત્ર અને સર્વસમાવેશક એવા વિજય રસિકલાલ રૂપાણીને ગાંધીનગરની ગાદીએ આરૂઢ કરવાની ફરજ પાડી છે. ઉત્તર પ્રદેશની વિધાનસભા ચૂંટણી માર્ચ ૨૦૧૭માં પૂરી થતાં જ અમિત શાહ જ નહીં, વડા પ્રધાન પણ સ્વયં પણ પોતાનો ગઢ બચાવવા ગુજરાતમાં ડેરાતંબૂ તાણે એવાં એંધાણ છે. આ બધું પેલી યુવાત્રિપુટીને કારણે જ.

છેલ્લાં ત્રણ વર્ષથી જ આ યુવાત્રિપુટી સામાજિક ચેતનાના ક્ષેત્રે સક્રિય થઈ હોવા છતાં આજે દેશ અને દુનિયામાં એના નામની ગાજવીજ છે. યુવાત્રિપુટી વિશે લખતાં પહેલાં એ ત્રણેયની સાથે વ્યક્તિગત વાત કરીને સામાજિક ચેતનાના રાજકીય રૂપાંતરણ વિશે જાણવાની ઉત્સુક્તા હતી. વિધાનસભાની ચૂંટણી ૨૦૧૭માં આવી રહી છે, એમાં પરિવર્તનનો પવન નિશ્ચિતપણે આવી રહ્યાનું નિમિત્ત બનનાર આ ત્રિપુટી હજુ આ રાજકીય પક્ષ કે તે રાજકીય પક્ષ સાથેનાં સમજૂતીગણિત ખુલીને કહેવા તૈયાર નથી, પણ અગાઉની તમામ ચૂંટણીઓ કરતાં આવતી ચૂંટણી નોખી હશે. કોઈ એક પક્ષ માટે એ કેકવૉક નહીં હોય. એટલું જ નહીં, અત્યાર લગી ત્રીજા મોરચા કે થર્ડ ફોર્સને નકારતું રહેલું ગુજરાત એને આ વખતે આવકારે એવા સંજોગો દાખવનાર બનવાનાં એંધાણ એ જરૂર આપે છે.



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ત્રિપુટીનો સૌથી યુવા ચહેરો એટલે પાટીદાર અનામત આંદોલન સમિતિ ('પાસ')નો કન્વીનર હાર્દિક ભરતભાઈ પટેલ. ઉંમર હજુ ચૂંટણી લડવાની લાયકાત ધરાવનાર નહીં હોવા છતાં એનું સમર્થન મેળવવા માટે સત્તારૂઢ ભાજપ, વિપક્ષી કૉંગ્રેસ અને કેજરીવાલ સેના પણ થનગને છે. પાટીદાર આંદોલનનો ઉગ્ર ચહેરો અમદાવાદના જીએમડીસી મેદાન પર ઉપસ્થિત લાખો પાટીદારોની આકાંક્ષાઓનો આક્રમક શૈલીમાં પડઘો પાડતો હતો ત્યારે એ અપરિપક્વ લાગતો હતો. કોઈ પરદા પાછળના સૂત્રધારના ઈશારે નર્તન કરતો લાગતો હતો, પણ નવ-નવ મહિના સુધી 'ફૈબા' આનંદીબહેનની સરકારે એને 'રાજદ્રોહ'ના આરોપસર જેલમાં ઠૂંસી દીધો અને વડી અદાલતે એને છ મહિના ગુજરાતવટે રહેવાની શરતે જામીન આપ્યા પછી પણ અડગ અને આક્રમક રહેલો હાર્દિક હવે ઠાવકો લાગે છે. એના માટે કોઈ ટીવી ચેનલ પર અમે 'મુખ્ય પ્રધાન થવાનું ટિમ્બર ધરાવતો યુવાચહેરો' એવા શબ્દો વાપર્યા ત્યારે સાથી વિશ્લેષકોએ એ વાતને હસી કાઢી હતી. આજે ઘણા એને આવતી વિધાનસભા ચૂંટણી પછી મુખ્ય પ્રધાન તરીકે જોવા માંડ્યા છે. જોકે એ ૨૩નો છે. ૨૫નો થાય પછી જ વિધાનસભાની ચૂંટણી લડી શકે, પણ એ કિંગમેકર જરૂર બની શકે.

રવિવારે અમે ઉદયપુરમાં નજરકેદ હાર્દિક સાથે વાત કરી ત્યારે આવતી ચૂંટણી પછીના રાજકીય ચિત્ર વિશે એણે ચર્ચા ટાળી હતી. છતાં એ ખૂબ સાવધાનીથી ગજગામી ચાલે આગળ વધી રહ્યો છે એ નિશ્ચિત છે. ભાજપના કાર્યકર ભરત પટેલનો આ વાણિજ્ય સ્નાતક દીકરો સહજાનંદ

અનુસંધાન પાના નં. ૭ પર